જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૨/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૦૪ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૯ બીયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૦૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૬૩/૨૦૨૫**

કાલુપુરઃ વિપુલભાઇ ચંન્દ્રકાંત ભાવસાર (ઉ.વ.૫૫)(રહે.ઇન્દ્રપ્રસ્થ સુરધાર સર્કલ થલતેજ) એ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે વિપુલભાઇ તથા તેમનો પુત્ર બે વર્ષ પહેલા મુંબઇ ખાતે ફરવા ગયા હતા ત્યારે ત્યાં વિપુલભાઇના પુત્રની મિત્રતા એક ફેનીલ પટેલ નામના વ્યક્તિ સાથે થયેલ અને તેની સાથે ઇન્સ્ટાગ્રામ આઇ.ડી. mastana_jogee (Fenil Patel) ઉપર આવર–નવાર વાતચીત કરતા હતા. વિપુલભાઇના પુત્રને તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ ઓસ્ટ્રેલીયા ખાતે જવાનુ હોવાથી તેમણે ફેનીલ પટેલના વ્હોટ્સપ નંબર ઉપર ફોન કરી જણાવેલ કે "અભ્યાસની ફી સારૂ ભારતીય રૂપિયાની જગ્યાએ ડોલરની જરૂર છે જો તમારે કોઇ ઓળખાણ હોય તો મને એક્સચેન્જ કરી આપો" તેમ કહેતા વિપુલભાઇ અને તેમનો પુત્ર તા.૨૯/૧૦/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે રૂપિયા ૯,૭૦,૦૦૦/– લઇને ફેનીલ પટેલને મળવા ગયા હતા. જ્યાં ફેનીલ પટેલએ વિપુલભાઇ તથા તેમના પુત્રને કહેલ કે "હું તમને સ્વામિ સાથે મુલાકાત કરાવુ છું ત્યાં સુધી તમે મંદિરમાં દર્શન કરી આવો અને પૈસા મને આપી દો હું આ પૈસા ગણીને આવુ" તેમ કહી ફેનીલ પટેલ રૂપિયા ૯,૭૦,૦૦૦/– લઇ ગયેલ અને વિપુલભાઇ તથા તેમનો પુત્ર મંદીરમાં દર્શન કરવા સારૂ ગયા હતા. ઘણો સમય થતા આ ફેનીલ પટેલ આવેલ નહી જેથી વિપુલભાઇના પુત્ર એ ફેનીલ પટેલને તેના વ્હોટસ એપ નંબર ૯૨૨૦૩૭૦૮૨૬ ઉપર ફોન કરતા ફોન ઉપાડેલ નહી અને આજુબાજુ મંદિરમાં તપાસ કરતા આ ફેનિલ પટેલ મળી આવેલ નહી. જે ફેનીલ પટેલ તેનો ફોન બંધ કરી રૂપિયા ૯,૭૦,૦૦૦/– લઇ નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જગદિશભાઇ અળવેશ્વરભાઇ ચલાવે છે.

નવરંગપુરાઃ મૌલીક નિકુંજભાઈ બોડીવાલા (ઉ.વ.૩૩)(રહે.ન્યુ વૈભવ એપાર્ટમેન્ટ સમર્પણ ફલેટ સામે સી.જી.રોડ નવરંગપુરા) એ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૪ થી માહે એપ્રીલ/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આશ્રમ રોડ વલ્લભ સદન સામે સન વેસ્ટ બેન્ક ખાતે બી/૩૧૫–૩૧૭ "આઈ.કે.એફ ફાઈનાન્સ લીમીટેડ કંપની ખાતેથી આરોપી (૧) દિપક નાનકરામ આહુજા (જેના સરનામાની ખબર નથી તે) (૨) હિતેશ રવીકુમાર કોડવાની (૩) ભાવેશ રવીકુમાર કોડવાની તથા (૪) સીમા વા/ઓ રવીકુમાર કોડવાની (ત્રણેય રહે. ૨૬મી સંકલ્પ ગોલ્ડન બંગલો પાસે નોબલનગર નાના ચિલોડા) (૫) ભાવેશ ઘનશ્યામભાઈ બલાની (૬) સુનીતાબેન વા/ઓ ઘનશ્યામભાઈ બલાની (૭) નિર્મલ કરમચંદ બલાની (ત્રણેય રહે.રાધે રેસીડન્સી રાધેકૃષ્ણ બંગલો પાસે, નાના ચિલોડા) (૮) હેમંતકુમાર રમેશલાલ લખવાની (૯) રોમા વા/ઓ હેમંતકુમાર લખવાની (બંને રહે. પ્રેમનગર સોસાયટી સૈજપુર બોઘા) (૧૦) આનંદભાઈ ભગુભાઈ પટેલ (રહે.દર્શન કોમ્પલેક્ષ અર્જુન ટાવર ઘાટલોડીયા) અને (૧૧) નસીમ લિયાકતઅલી ખાન (રહે. સન વેસ્ટ બેંક, આશ્રમ રોડ) નાઓએ ભેગા મળી બોગસ ડોક્યુમેન્ટો આધારે ફાયનાન્સ કંપની ખાતેથી કુલ રૂપિયા ૧,૨૦,૦૦,૦૦૦/– લોન લઈ, શરૂઆતમાં લોનના હપ્તા ભરી ત્યારબાદ લોનના હપ્તા ભરવાનુ બંધ કરી ફાયનાન્સ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૬૪/૨૦૨૫**

ઇસનપુરઃ અનીતાબહેન હર્ષકાંત ગાંધી (ઉ.વ.૬૧)(રહે.મનમંદિર એપાર્ટમેન્ટ રજવાડું હોટલ પાસે, મલાવ તલાવ, જીવરાજ પાર્ક વેજલપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૫ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે ઘોડાસર બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સુધીની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ બી.આર.ટી.એસ.બસમાં અનીતાબહેનની નજર ચૂકવી તેમની પાસેના પાકિટમાંથી સોનાની વીંટી નંગ–૭ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.સોંલકી ચલાવે છે.

ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૬૫/૨૦૨૫**

દરીયાપુરઃ દરિયાપુર કડિયાનાકા નવઘરીની ખડકી ખાતે રહેતા વિઠલા ગોનીયા યાદવ (ઉ.વ.૬૫) (મુળ વતન. મુ.સુદની તા.ઘડી જી.બાંસવાડા રાજસ્થાન) તા.૧૦/૧૨/૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે દરીયાપુર કડવા પોળ ખાતે મકાનના ત્રીજા માળે પતરાં લેવલ કરવાનું કામ કરતા હતા ત્યારે ત્રીજા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૨/૨૫ બપોરના ૩/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૬૬/૨૦૨૫**

વાડજઃ જુના વાડજ ભારતમાતા ઉધાન પાસે તુલસીનગરના છાપરાં ખાતે વિરૂભાઈ ગોપાલભાઈ ચાવડાનાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી